# શ્રી જિનાગમ લખાણ-વિચાર

— શ્રાદ્ધવર્ય શ્રી પ્રભુલાલ બેચરદાસ પારેખ

"શાસન તાહરું અતિ ભલું, જગ નહીં કોઈ તસ સરખું રે,
તિમતિમ રાગ ઘણો વાધે, જિમજિમ જુગતિ શું પરખું રે."

૧. પંચમ કાળમાં આત્માને પૌદ્ગલિક ભાવના રસમાંથી બચાવીને આધ્યાત્મિક ભાવમાં જોડનાર સર્વશ્રેષ્ઠ આલંબન બે જ છે : જિનપ્રતિમા અને જિનાગમ.

૨. આત્માર્થી, ભવભીરુ, તત્ત્વદર્શી આત્માઓ શ્રી જિનેશ્વરદેવના બિંબમાં સાક્ષાત પરમાત્માને નિહાળે છે. શ્રી જિનદર્શનને આત્મદર્શનનું પરમ સાધન માને છે. પ્રભુશાસનના રસિયા જીવો સંસારની કોઈ પણ વસ્તુ જોવાથી જે આનંદ પામે તેના કરતાં ઘણો વધારે આનંદ શ્રી જિનમંદિરને જોવાથી પામે છે.

૩. જિનપ્રતિમા એ સંસારસાગરમાંથી તરવાના સાધનમાં સર્વથી પહેલું અને સર્વથી ઊંચું આલંબન છે. એવું જેઓના હૃદયમાં નિશ્ચિત થઈ ગયું હોય, તે આત્માઓ જિનમંદિર અને પ્રભુપ્રતિમા માટે સર્વ કાંઈ કરી છૂટવાની તૈયારી કેળવે છે.

૪. આત્માર્થી આત્માઓને બીજા આલંબન તરીકે શ્રી જિનાગમ છે. મહાપુરુષો લખી ગયા છે કે "વિષમ પંચમકાળમાં શ્રી જિનાગમ ન હોય, તો અનાથ એવા અમારું શું થાત ?" તત્ત્વજ્ઞાની પુરુષોનાં આ વચન તદ્દન સાચાં છે. સર્વ દેશમાં અને સર્વ કાળમાં શ્રી જિનાગમ સર્વોત્તમ અજોડ સાહિત્ય છે.

૫. આવા પરમ પવિત્ર સર્વશ્રેષ્ઠ આગમ સાહિત્યને લખવામાં, લખાવવામાં, સાચવવામાં બહુમાન કરવામાં શરીર, બુદ્ધિ અને ધન વગેરે જે કાંઈનો વ્યય થાય તે અત્યંત લાભદાયક છે.

૬. શ્રી અરિહંતદેવના મુખથી નીકળેલ, ગણધર ભગવંતોએ ગૂંથેલ, ગીતાર્થ મહાપુરુષોએ ભણી, ભણાવી, લખી, લખાવી પંચમકાળના જીવોના ઉપકાર માટે સાચવી રાખેલ શ્રી જિનાગમ વર્તમાનમાં પીસ્તાલીસ આગમ રૂપે જગતમાં જયવંતુ વર્તે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૭. એ પીસ્તાલીશ આગમના મૂળ પાઠ, નિર્યુક્તિ. ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ એ પંચાંગી કહેવાય છે. એ પંચાંગી તથા તેને અનુસરતા ટબાઓ, પ્રકરણો, વિવેચનો, ચરિત્રો, રાસો, સ્તવનો, સ્તોત્રો, સજ્ઝાયો વગેરે સઘળું આત્માર્થી જીવોને માન્ય હોય.

૮. જગતશ્રેષ્ઠ આ સાહિત્યને ટકાવવા માટે જેમ બને તેમ હાથ વડે લખાવીને સંગ્રહ કરવા લાયક છે. એમાં શાસનનું સાચું હિત છે. આગમની સાચી ભક્તિ છે. શહેરે-શહેર, ગામેગામ, અને ઘેરઘેર હસ્તલિખિત જે કાંઈ જૂનું ધર્મસાહિત્ય હોય, તે રક્ષણ કરવા લાયક છે, અને નવાનું સર્જન કરી વસાવવા લાયક છે.

૯. છપાવવામાં પવિત્ર આગમની પવિત્રતા જળવાતી નથી, ઘણી આશાતના થાય છે. શ્રુતજ્ઞાન પ્રત્યે જેવા પ્રકારનું બહુમાન રાખવાનું જ્ઞાની પુરૂષો ફરમાવે છે, તેવું બહુમાન છાપેલ શાસ્ત્રો ઉપર આવતું નથી.

૧૦. હાથનું લખેલ પુસ્તક હાથમાં આવતાં પવિત્રતાની અસર કરે છે. અંતરથી બહુમાન પેદા થાય છે. જે આહ્લાદ હાથની લખેલ પ્રતને જોવાથી ઉત્પન્ન થાય છે, તે છાપેલી પ્રતને જોવાથી થતો નથી. અનુભવથી આ વાત સમજાય તેવી છે.

૧૧. વર્તમાનકાળે યાંત્રિક છાપકળાનો વિશેષ પ્રચાર થવાથી હાથે લખવાની અને લખાવવાની સંસ્કૃતિ નાશ પામતી જાય છે. એ ઉત્તમ સંસ્કૃતિને ટકાવવા માટે પૂરતી ઉદારતાનો ઉપયોગ થવો જોઈએ.

૧૨. છાપેલ પુસ્તકોનો સંગ્રહ ઘણો મળતો હોવાથી કેટલાકને હાથની લખેલી વસ્તુની કિંમત સમજાતી નથી. છાપેલાં પુસ્તકો વાંચવામાં સરળતા છે, પણ બુદ્ધિને કસવાની નહીં હોવાથી બુદ્ધિનો વિકાસ થતો નથી. જુદી જુદી પદ્ધિતએ હાથે લખાયેલ પુસ્તકો વાંચવામાં બુદ્ધિને વિશેષ કેળવણી મળે છે.

૧૩. છાપેલાં પુસ્તકો એકના બદલે અનેક મળતાં હોવાથી એને સાચવવાની જેવી જોઈએ એવી દરકાર રહેતી નથી. ખોવાઈ જાય તો બીજું મંગાવી લેવાશે એ ભાવનાએ જેમતેમ રખડતું પણ મુકાઈ જાય. હાથે લખેલા પુસ્તકની બીજી નકલ મળવાની ન હોવાથી સાચવવા માટેની ખૂબ કાળજી રહે છે.

૧૪. મિલ વગેરે કારખાનામાં બનેલા કાગળો ટકાઉ હોતા નથી. એના ઉપર છાપ પાડતાં જે બળ વપરાય છે, તેના વડે કાગળની જિંદગી ટૂંકી થાય છે. મિલના કાગળ અને યાંત્રિક છાપ એ બન્નેથી તૈયાર થયેલ ધાર્મિક સાહિત્ય લાંબો વખત ટકી શકતું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી. હાથ–બનાવટના ઊંચા કાગળોમાં હાથથી લખાયેલ સાહિત્ય ઘણો લાંબો સમય ટકી શકે છે.

૧૫. જૈનશાસનને વફાદાર રહી ધર્મમાર્ગે જીવન જીવનાર ત્યાગી સાધુ–સાધ્વીઓ દરેક પોતાનાથી બની શકે તેટલું જાતે લખવાનું રાખે તેમ જ છપાવવાને બદલે લહિયાઓ મેળવીને લખાવવાનું ચાલુ રાખે. હાથનું લખેલું જ વાંચવાની ટેવ રાખે તો શાસનની સુંદર પ્રણાલિકા અવિચ્છિન્ન ચાલુ રહે.

૧૬. વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન તથા ધર્માનુષ્ઠાન વડે અધ્યાત્મ રસમાં ઝીલનારા મુનિજનોના પવિત્ર હાથથી લખાયેલ સાહિત્ય હાથમાં લેતાં જ વૈરાગ્ય અને ધર્મશ્રદ્ધા ઉત્પન્ન કરે. કારણ કે એના પવિત્ર પરમાણુની અસર એ પુસ્તકમાં હોય છે.

૧૭. પ્રચારની દૃષ્ટિએ યાંત્રિક સાધનોનું અવલંબન લેવાય છે. તેમાં યંત્રવાદનું પોષણ છે. આરંભાદિ પાપ રહેલ છે. આર્ય સંસ્કૃતિ પ્રત્યે અનાદર છે. જ્ઞાનની આશાતના વધે છે.

૧૮. છાપેલ પુસ્તકમાં થયેલી એક ભૂલ પાંચસો, હજાર કે જેટલી નકલ છાપી હોય તેટલીમાં રહે છે. લખેલી દશ કે વીસ પ્રત એકઠી કરી હોય તેમાં ભૂલ હોય, તો જુદી જુદી હોય, તો પણ એમાંથી સાચો પાઠ તારવી શકાય છે.

૧૯. પ્રચારના મોહમાં આરંભનું પોષણ અને શ્રુતની વિરાધના થાય છે, એ ભૂલી જવાય છે. ગુરુ–શિષ્યભાવ જે ઉચ્ચ પ્રકારની વિનયમર્યાદા ઉપર ટકેલ હતો; તે અધિક પડતાં પુસ્તકો મળવાથી ઘટતો જાય છે. એથી નક્કર બોધ થતો નથી. આડંબર વધતો જાય છે.

૨૦. અઢાર દેશના માલિક પરમાર્હત કુમારપાળ મહારાજાએ ધર્મરક્ષા માટે હાથમાં લખેલા શાસ્ત્રના ભંડારો ગામેગામ કરાવ્યા હતા.

૨૧. વસ્તુપાળ–તેજપાળ જેવા ઉત્તમ શ્રાવકોએ શ્રુતજ્ઞાનને લખાવવા અને સાચવવા માટે તે વખતમાં આઠ કરોડનો ખર્ચ કર્યો હતો.

૨૨. બીજા પણ ઘણા શાસનરાગી શ્રાવક–શ્રાવિકાઓએ પુસ્તકો લખાવવામાં પોતાના દ્રવ્યનો સદ્વ્યય કર્યાની હકીકત ઘણી પ્રશસ્તિઓમાં મળી આવે છે. શ્રાવકોના છત્રીસ કર્તવ્યને ઓળખાવનાર 'મન્હ જિણાણ' સજ્ઝાયમાં પુત્થય લિહણ કહેલ છે. એટલે પુસ્તક લખાવવું એ શ્રાવકનું અવશ્ય કર્તવ્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૩. અત્યારના સંજોગોમાં છાપેલ કરતાં લખેલ સાહિત્ય ચાલીસ, પચાસ ગણી કિંમતે તૈયાર થઈ શકે છે. કદાચ સો ગણી કિંમત આપવી પડે તો પણ લખાવવાનું કામ ચાલુ રાખવું જોઈએ. છપાયેલું પુસ્તક રૂપું કહેવાતું હોય, તો લખાયેલું પુસ્તક સોનું, મોતી અથવા હીરા છે.

૨૪. દશવાર વાંચવાથી જેટલું જ્ઞાન થાય, એટલું એક વાર લખવાથી થાય છે. લખવાથી મનની એકાગ્રતા રહે છે. પોતાના હાથે તૈયાર કરેલી વસ્તુ વારંવાર ફેરવીને જોતાં વધારે પ્રેમ ઊપજે છે.

૨૫. પૂર્વના મહાપુરુષોની પોતાની લખેલી પ્રતોને સ્પર્શ કરતાં અનેરો આનંદ અનુભવાય છે. તે મહાપુરુષને મળવા જેટલી પ્રસન્નતા થાય છે.

૨૬. શક્તિસંપન્ન શ્રાવક જેમ ઘરમાં જિનમંદિર રાખીને પ્રભુભક્તિ કરે તેવી જ રીતે હાથના લખેલા આગમો તૈયાર કરાવીને બરાબર સાચવી રાખે, એની વાસક્ષેપથી રોજ પૂજા કરે, ધૂપદીપ વગેરેથી ભક્તિ કરે તો જ્ઞાનનો અંતરાય દૂર થતો જાય અને તત્ત્વજ્ઞાનમાં આગળ વધી શકે.

૨૭. જેટલી જરૂરિયાત જૂનું હસ્તલિખિત સાહિત્ય સાચવવાની છે, તેટલી જ અથવા તેથી વધારે નવું કરવાની છે. આ શાશ્વત વસ્તુ જૂની થતી જાય તેમ તેમ તેમની જગ્યાએ નવી ઉત્પન્ન થવી જોઈએ. એના વડે જ શાસનની પરંપરા બરાબર ચાલે.

૨૮. શ્રાવકે જો લાભાંતરાયના ક્ષયોપશમથી સંપત્તિ પ્રાપ્ત કરી હોય, અને શક્તિ હોય તો પીસ્તાલીસ આગમ મૂળ લખાવીને એક સુંદર કબાટમાં ઘેર રાખી એની પૂજા સ્તવના વગેરે હમેશાં કરે.

૨૯. ઓછી શક્તિવાળા એક બે અથવા વધારે આગમો લખાવીને ઘરમાં રાખે એ પણ જરૂરી છે. સંગ્રહ અને પરંપરા સાચવવાની દષ્ટિએ જુદાં જુદાં સ્થાનોમાં થોડો થોડો સંગ્રહ હોય એ બહુ ઉપકારક બને.

૩૦. એક જ સ્થળે વિશાળ જ્ઞાનભંડાર હોય તેમાં જ બધાં કીમતી હસ્તલિખિત પુસ્તકો હોય તેના ઉપર જળ, અગ્નિ, રાજ્યપલટો અગર તેવી અણધારી આફત આવે ત્યારે સર્વસ્વ જોખમાય. એ દષ્ટિનો વિચાર કરતાં અનેક સ્થળોમાં થોડું થોડું હોય એ વાજબી છે.

૩૧. ઉપકારી પુરુષો આત્મના મુખ્ય ગુણ તરીકે આત્માના જ્ઞાનને વર્ણવે છે સંસાર-સમુદ્ર તરવાનું સાધન જ્ઞાન કહે છે. મિથ્યાત્વ અંધકારનો નાશ કરનાર જ્ઞાનપ્રકાશ છે, એમ જણાવે છે. એ જ્ઞાનના પરમ સાધનભૂત આગમરત્નોને લખવા, લખાવવા, યોગ્ય રીતે ભણાવવાનો શક્ય ઉદ્યમ કરવો એમાં મળેલી શક્તિની સફળતા છે. * *



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org